# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-12-2024** **Evening : 7.10 to 7.20**
**Day: Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સામાજિક મૂલ્યોનું યોગદાન આપનાર વિવિધ ક્ષેત્રના આઠ વ્યક્તિ વિશેષને ‘ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર’ અર્પણ કર્યા.
- અમદાવાદના નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો
- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આજે રાજ્ય વેરા નિરિક્ષક વર્ગ – ૩ ની પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ.
- ડિજીટલ ગુજરાત પ્રોજેક્ટ હેઠળ રાજ્યના નાગરિકોને આઠસોથી વધુ સરકારી સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવામાં આવી
- રાજ્યમાં આગામી 48 કલાક બાદ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM Surat

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંસ્કૃતિ, સદાચાર અને સામાજિક મૂલ્યો માટે યોગદાન આપનાર વિવિધ ક્ષેત્રના આઠ વ્યક્તિ વિશેષને સુરત ખાતે 'ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર' અર્પણ કર્યા. સાથે રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી હર્ષ સંઘવીએ પુરસ્કારની સાથે પ્રત્યેક સમાજ સેવકને એક લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર, પ્રશસ્તિપત્ર અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત- આત્મનિર્ભર-ઉન્નત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે, જેમાં આપણે સૌએ સાથે મળીને સુસંસ્કૃત અને જાગૃત સમાજનું નિર્માણ કરવાનું છે. તેમણે કહ્યું કે સમજણ, મર્યાદા, વ્યવહારૂ જ્ઞાન અને જવાબદારીના ગુણો શીખીશું તો નવી પેઢીમાં મૂલ્યનિષ્ઠાનું સરળતાથી સિંચન કરી શકીશું.

(મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

આઠ પુરસ્કારોમાં સાંવરપ્રસાદ બુધીયા, સુધા નાકરાણી, નંદકિશોર શર્મા, કેશવ ગોટી, ગીતાબેન શ્રોફ, તરૂણ મિશ્રા, કોમલબેન સાવલિયા અને પ્રતિભા દેસાઈ (વકીલ)ને ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

# NCB Drugs

અમદાવાદના નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. બે કિલો કેટામાઇન ડ્રગ્સ સાથે ચાર વ્યક્તિઓની ધરપકડ કરી છે. જેમાં એક વ્યક્તિને બેંગ્લોરથી અને ત્રણ નાઇજીરીયન નાગરિકોને દિલ્હીથી ઝડપી પાડ્યા છે.

આ ડ્રગ્સ સેન્ડિકેટ વિવિધ બ્રાન્ડના ગરમ મસાલાના પેકેટમાં ડ્રગ્સ અમેરિકા કૂરિયર દ્વારા મોકલતા હતા. એનસીબીએ અદનાન નામના એક વ્યક્તિની પૂનાથી ધરપકડ કર્યા બાદ તપાસમાં જાણવા મળ્યું હતું કે, અદનાન દિલ્હી સ્થિત નાઈજીરિયન ગેંગ સાથે મળીને ડ્રગ્સની હેરાફેરો કરતો હતો. જેથી એનસીબીએ અગાઉથી મળેલી બાતમીના આધારે દિલ્હીથી ત્રણ નાઇજીરિયન નાગરિકોની ધરપકડ કરી હતી. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## Hasmuk Patel GPSC

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આજે રાજ્ય વેરા નિરિક્ષક વર્ગ – 3 ની પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ.

આયોગના ચેરમેન હસમુક પટેલ ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, રાજ્યના 33 જિલ્લાઓમાં 754 કેન્દ્રો પરથી એક લાખ, 85 હજાર ઉમેદવારોએ પરીક્ષા આપી છે.

(બાઇટ હસમુખ પટેલ)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝિક**

## Daman Tableau

દીવ, દમણ અને દાદરા નગર હવેલીના વિકાસની ઝાંખી આ 26 જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસે પરેડમાં બીજી વાર જોવા મળશે.

સુવર્ણ ભારતના વારસા અને વિકાસની થીમ પર આ ઝાંખી દિલ્હી પરેડ ખાતે યોજાશે. રાજ્યના ટેબલો ફરજના માર્ગે બહાર આવશે ત્યારે દેશ-વિદેશના કરોડો લોકો તેને ટેલિવિઝન પર જોશે. ટેબ્લોની સાથે રાજ્યના સ્થાનિક કલાકારોને પણ તક મળશે. આ કેન્દ્ર શાસિત પ્રદેશનો ટેબ્લો વર્ષ 2023માં જોવા મળ્યો હતો અને હવે 2025માં ફરી મોકો મળ્યો છે.

## CR Patil

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર પાટીલ આજે વેસુ શ્યામ મંદિરથી મહેંદીપુર બાલાજી મંદિર સુધીની 'જળ સંચય મહિલા પદયાત્રામાં જોડાયા હતા. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ કળશમાં જળ લઈ પદયાત્રામાં સહભાગી થઈ હતી.

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે બહેનોને અનુરોધ કરતા કહ્યું હતું કે, તમારા પિયરનું ગામ દત્તક લઈને જળસંચયમાં સહભાગી બનીએ. વધુમાં તેમણે કહ્યું કે, જમીનના પેટાળમાં મોટી માત્રામાં પાણીના જથ્થાનો સંગ્રહ કરવાની તાકાત રહેલી છે. આ વરસાદી પાણીનો સંગ્રહ કરી ભવિષ્યની પેઢીને વારસામાં અખૂટ જળભંડાર આપીએ. અન્ય મહિલાઓને પ્રેરણા આપવા માટે સુરતની મહિલાઓ કળશ લઈને જળસંચય અભિયાનમાં સહભાગી બની છે.

# Digital Gujarat Project

ડિજીટલ ગુજરાત પ્રોજેક્ટ હેઠળ રાજ્યના નાગરિકોને 800 થી વધુ સરકારી સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ..

(વોઇસકાસ્ટ)

રાજ્યના નાગરિકોને સરકારી સેવાઓ વધુ પારદર્શક, સરળતાથી અને ઝડપથી મળી રહે તે માટે ડિજીટલ ગુજરાત પ્રોજેક્ટ કાર્યરત છે.

વર્ષ 2024-2025 માં ડિજીટલ ગુજરાત અંતર્ગત એક કરોડ અરજીઓ મળી હતી. જેમાં સ્કોલરશીપ માટે 68 લાખથી વધુ વિદ્યાર્થીઓને એક હજાર, 800 કરોડની શિષ્યવૃત્તિ ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર ડીબીટી દ્વારા સીધા તેમના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવ્યા છે.

સેવા સેતુ કાર્યક્રમ દ્વારા રાજ્ય સરકારે નાગરિકોના ઘરઆંગણે જઈ 10 તબક્કામાં ત્રણ કરોડથી વધુ અરજીઓનો હકારાત્મક ઉકેલ લાવી સરકારી સેવાઓનો લાભ આપવામાં આવ્યો છે.

આગામી સમયમાં ડિજીટલ ગુજરાત બીજા તબક્કામાં અદ્યતન ટેકનોલોજી અને કૃત્રિમ બુધ્ધિમત્તાનો ઉપયોગ કરીને વધુ સેવાઓ લાભાર્થી સુધી પહોંચાડવામાં આવશે.

# Weather

રાજ્યનું છેલ્લાં 24 કલાકથી વાતાવરણ પલટાયું છે. આગામી 48 કલાક બાદ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

આગામી 48 કલાકમાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન બે થી ચાર ડિગ્રી સેલ્સિયસ સુધી વધુ શકે છે. જેનાથી ઠંડીમાં ઘટાડો થશે. આ અંગે વધુ માહિતી આપે છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણ

(બાઇટ હવામાન વિભાગના વૈજ્ઞાનિર અભિમન્યુ ચૌહાણ)

# Amreli Lion

અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યાઓ વધી રહી છે,  પરંતુ અમારા અમારા જિલ્લાના પ્રતિનિધિએ જણાવ્યું કે, સાવરકુંડલા તાલુકામાં આવેલ ફિફાદ ગામની સીમ વિસ્તારમાં આવેલ એક વાડી વિસ્તારમાં ૩થી4 માસના સિંહબાળ આકસ્મિક કૂવામાં પડતા સ્થાનિક લોકોએ વનવિભાગને જાણ કરી હતી.

વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને કુવામાંથી સિંહબાળનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. આ ઘટનાને લઈ વનવિભાગ દ્વારા તપાસ હાથ ધરી છે..

## Bharuch Ritesh Vasava

ભરુચના ઝઘડિયાના ધારાસભ્ય રીતેશ વસાવાએ દુષ્કર્મનો ભોગ બનેલ દીકરીની મુલાકાત લઈ એક લાખ રૂપિયાનો ચેક અર્પણ કર્યો છે.

અમારા ભરૂચ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, દસ વર્ષની બાળકી ઉપર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું એ બાળકી હાલ વડોદરા એસએસજી હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે. ત્યારે આજે શ્રી વસાવાએ બાળકી તેમજ તેના પરિવારની મુલાકાત લઈ સહાયનો ચેક આપ્યો હતો.

## PIB Kerala

ગુજરાતના પ્રવાસે આવેલા કેરળનાં મહિલા પત્રકાર પ્રતિનિધિ મંડળે આજે તેમના પ્રવાસનાં છેલ્લા દિવસે ધોળાવીરા, નિરોણા ગામ અને સ્મૃતિવનની મુલાકાત કરી હતી.

કચ્છની ઓળખ સમાન રોગન આર્ટ માટે જાણીતા અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અબ્દુલભાઈ ખત્રીની રૂબરૂ મુલાકાત લીધી હતી. જ્યાં અબ્દુલભાઈએ રોગનની સમજણ, રંગ બનાવટ અને વિવિધ ડિઝાઈન બાબતે માહિતી આપી હતી. ત્યાર બાદ પત્રકારોએ સ્મૃતિવન, ભૂજની મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત આ પ્રતિનિધિ મંડળે સ્ટેચ્યુ ઑફ યુનિટી, અમૂલ ડેરી પ્લાન્ટ, બૂલેટ ટ્રેન, સાબરમતિ હબ, રિવરફ્રન્ટ, રિવરક્રૂઝ, સૂર્યમંદિર, મોઢેરા, વડનગર અને કચ્છની મુલાકાત લીધી હતી..

# TAPI BOGUSDOCTOR

તાપી જિલ્લા એસઓજી એડોલવણના ઘાણી ગામેથી બોગસ ડોક્ટર ને પકડી પાડ્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે આ બોગસ ડોક્ટરને ઝડપી લેવાયો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર ઘાણી ગામે ડુગરી ફળિયામાં ભાડેથી મકાન રાખી બીમાર લોકોને એલોપેથિક દવા આપી આ બોગસ ડોક્ટર સારવાર કરતો હતો.. આ દરોડા દરમિયાન તાપી જિલ્લા એસઓજી એ એલોપેથિક દવાઓ તથા મેડિકલને લગતા સામાનનો જથ્થો મળી કુલ બે હજાર 792 નો મુદ્દામાલ કબજે કર્યો હતો.. તાપી જિલ્લા એસઓજીએ BNS કલમ 125 તેમજ ગુજરાત મેડિકલ પ્રેક્ટીશનર એકટની કલમ 30 મુજબનો ગુનોનોંધી વધુ તપાસ હાથ ધરી છે.